જાહેરાત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કંપની એકટ-૨૦૧૩ ના સેક્શન-૮ મુજબ "JAU Incubation Foundation" રજીસ્ટ્રેશન કરેલ છે, જેનું વાર્ષિક Auditing કરવા માટે આગામી પાંચ વર્ષ માટે (FY 2026-27 to 2030-31) ભાવ માંગવામાં આવે છે. તે અંગેના ભાવ પુરા પાડવા માટે સામેલ વિગતે તથા માન્ય શરતો અને બોલીઓને આધીન રહીને આપવાનાં રહેશે.

1. ભાવો મોડામાં મોડા તા. ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના ૦૬:૧૦ કલાક સુધીમાં પહોચાડવાના રહેશે.
2. ભાવના સંદર્ભમાં કરવેરા જેવા કે સેલટેક્ષ, GST કે અન્ય સ્થાનિક વેરાની વિગતો ભાવોમાં સ્પષ્ટ રીતે અલગથી જણાવવાની રહેશે. જો આ માહિતી નહીં આપવામાં આવે તો આપેલ ભાવમાં બધા વેરાનો સમાવેશ થઈ ગયેલ છે તેમ માની લેવામાં આવશે.
3. સદરહું જાહેરાત અંગેના ભાવો માન્ય રાખવા કે નહિ તે અંગેનો આખરી નિર્ણય નીચે સહી કરનારને રહેશે. અને તે નિર્ણય દરેક પાર્ટીને બંધનકર્તા રહેશે. શરતી ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહિ.
4. જે પાર્ટીના ભાવ મંજુર રહેશે તેમને લેખિતમાં અથવા Email દ્વારા જાણ કરવામાં આવશે
5. બીલ રજુ થયા બાદ નિયમોનુસાર બીલનું ચુકવણું કરવામાં આવશે.
6. ભાવપત્રકો મોકલનાર પાર્ટીનું નામ તથા સરનામું સીલ બંધ કવર પર અવશ્ય લખવાનું રહેશે.
7. ભરેલા ભાવો (છેકછાક કે ઓવર રાઈટીંગ કર્યા વિના) સીલબંધ કવરમાં આપવાના રહેશે.
8. ભાવો મોકલાવેલ બંધ કવર ઉપર "Professional Charge for statutory audit of JAU Incubation Foundation" એમ અવશ્ય લખવું તેમજ ભાવ અંગેનું કવર ડાયરેક્ટર (JAUIF) & આચાર્ય અને ડીન, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ-૩૬૨૦૦૧ નાં સરનામે રજી. એડી પોસ્ટ/રજી. કુરિયર થી મોકલાવવાના રહેશે.
9. ભાવો 2026-27 થી 2030-31 વર્ષ દરમ્યાન માન્ય રહેશે તેમજ આપેલ ભાવો જાહેરાત મા દર્શાવેલ શરતોને આધીન રહેશે.
10. ભાવો લેટરપેડ પર નીચે દર્શાવેલ ફોર્મેટ મા આપવાના રહેશે.

Sr	Particular	Amount (Rs.)
Appointment of Statutory Auditor for a 5-year term (FY 2026-27 to 2030-31). Quote for one year.		
1	Professional Charges for CA statutory audit for FY 2026-27 to FY 2030-31 for JAU Incubation Foundation (Section 8 Private Company Limited by Guarantee)	
2	Any other expenses (Specify if any, including Govt. Fees)	
	Total	

જા.નં. જૂકૃયુ/કૃઈટેકો/એફએમપીઇ/ઇન્ક્યુ/૨૩૩૯-૪૩/૨૦૨૬ જૂનાગઢ, તારીખ:૨૨/૦૮/૨૦૨૬

ડાયરેક્ટર (JAUIF) &
આચાર્ય અને ડીન
કૃષિ ઇજનેરી અને ટેક કોલેજ, જૂકૃયુ, જૂનાગઢ

નકલ સવિનય રવાના: જાણ સારુ

1. સંશોધન નિયામક શ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ

નકલ સવિનય રવાના:

2. નિયામક શ્રી, આઈ.ટી. સેલ, જુ.કૃ.યુ., જુનાગઢ, યુની. ની વેબસાઈટ પર બહોળી પ્રસિધ્ધી અર્થે
3. કલેકટરશ્રી ની કચેરી, જુનાગઢ, નોટીસબોર્ડ પર બહોળી પ્રસિધ્ધી અર્થે
4. મામલતદારશ્રી ની કચેરી, જુનાગઢ, નોટીસબોર્ડ પર બહોળી પ્રસિધ્ધી અર્થે
5. મહાનગરપાલીકા કચેરી, જુનાગઢ, નોટીસબોર્ડ પર બહોળી પ્રસિધ્ધી અર્થે